ક્રમાંક:મઉમશબ/૨૦૧૭/ 15/111 / 151

સમયમર્યાદા

અગત્યનું

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૦/૧૦/૨૦૧૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં CCTV ની વ્યવસ્થા કરવા બાબત.,

સંદર્ભ :- ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગરના તા.૨૮/૦૯/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૧૫૮૮૯/૯૨૭.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે બોર્ડના તા.૨૮/૦૯/૨૦૧૭ ના પત્રથી રાજ્યમાં શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સલામતી માટે શાળા સંકુલમાં CCTV લગાવવા અને તેને કાર્યરત રાખવા માટે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે નોંધાયેલ તમામ શાળાઓ તે સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરે અને સમયમર્યાદામાં તમામ કાર્યવાહી પૂર્ણ થાય તેની ખાતરી કરવા જણાવવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો-૧૦ અને ધો-૧૨ ની જાહેર પરીક્ષાઓના પરીક્ષા કેન્દ્રોમાં CCTVની સગવડ હોવી જ જોઈએ અને તે માટેની નીતિ વર્ષ-૨૦૧૪ થી અમલમાં છે. આથી પરીક્ષાના સંદર્ભમાં અને શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સલામતીના સંદર્ભમાં તમામ શાળાઓમાં ૧૦૦% CCTV ની વ્યવસ્થાની ખાતરી કરવા અને તે કાર્યરત રહે તે જોવા જણાવવામાં આવે છે. સરકારશ્રીની સૂચનાઓનો ભંગ કરનાર સામે જરૂરી કાર્યવાહી કરવાની થાય છે જેથી જે શાળાઓ સૂચનાઓ મુજબ કાર્યવાહી ન કરે તો તેવી શાળાઓની માન્યતા રદ કરવા માટે દરખાસ્ત મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લામાં આવેલ આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની શાળાઓ, સમાજ કલ્યાણ વિભાગ હેઠળની શાળાઓ, નિયામકશ્રી શાળાઓના હસ્તક ચાલતી ગ્રાન્ટ-ઈન-એઈડ, મોડેલ શાળાઓ, RMSA હસ્તકની શાળાઓ અને સરકારી શાળાઓમાં પણ ૧૦૦% CCTV ની વ્યવસ્થા સમયમર્યાદામાં થઈ જાય તે માટે ચોકસાઈ કરવા વિનંતી કરવામાં આવે છે.

(આર. આઈ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અગ્રસચિવશ્રી શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.

(પાછળ)...

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે</u>

- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસમુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી શાળાઓ, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગાંધીનગર.